# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧.
Email:- registrar.kskvku@gmail.com
ફોન નં. (૦૨૮૩૨) ૨૩૫ ૦૦૨, ફેક્સ નં: ૨૩૫ ૦૧૨
web: kskvku.digitaluniversity.ac


ક.યુ./ઇ.સી./એજન્ડા/૧૪મી ઓક્ટોમ્બર/૨૦૧૭/ રૂબરૂ

તા.૦૯/૧૦/૨૦૧૭

પ્રતિ,
તમામ સભ્યશ્રીઓ,
એક્ઝિક્યુટીવ કાઉન્સીલ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

વિષયઃ– તારીખ ૧૪મી ઓક્ટોમ્બર–૨૦૧૭ નાં યોજાનાર એક્ઝિક્યુટીવ કાઉન્સીલની મીટીગમાં હાજર રહેવા બાબત.

શ્રીમાન,

જયભારત સાથે ઉપરોક્ત વિષયે અન્વયે જણાવવાનું કે, તારીખઃ ૧૪મી ઓક્ટોમ્બર–૨૦૧૭ને શનિવારના રોજ બપોરના ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કાર્યાલય ખાતે, માનનીય કુલપતિશ્રીના આદેશથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હાજર રહેવા આપશ્રીને વિનંતી.

***એજન્ડાઃ–***

૧. કચ્છ યુનિવર્સિટી ખાતે તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ યોજનાર કુલસચિવના ઇન્ટરવ્યું પ્રક્રિયા બાબત.
૨. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે....

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા**
**કચ્છ યુનિવર્સિટી**
**મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.** **ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧**
**ફેકસ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧**
**ઈમેઈલ-info@kskvkachchhuniversity.org** **વેબ-kskvkachchhuniversity.org**

ક.યુ./ઇ.સી./મિનિટસ/૧૪મી ઓકટોમ્બર/૨૦૧૭/૧૫૧૪ તા.૧૬/૧૦/૨૦૧૭

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : ગત તા.૧૪/૧૦/૨૦૧૭ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટ્સની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૧૪/૧૦/૨૦૧૭ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ.**

બિડાણઃ- એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાનાઃ- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

**તા. ૧૪મી ઓકટોમ્બર ૨૦૧૭ ના રોજ બપોરે ૦૪.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ:**

---

આજ રોજ ૧૪મી ઓકટોમ્બર ૨૦૧૭ ના રોજ બપોરે ૦૪.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એકિઝકયુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને યોજાયેલ. આ સભામાં નીચે મુજબના એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અઘ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. કચ્છ યુનિવર્સિટી ખાતે તા.૧૪/૧૦/૨૦૧૭ ના રોજ યોજનાર કુલસચિવના ઇન્ટરવ્યું પ્રક્રિયા બાબત.

**ઠરાવ:– ૧.** કચ્છ યુનિવર્સિટી ખાતે આજ રોજ તા.૧૪/૧૦/૨૦૧૭ ના યોજાયેલ કુલસચિવના ઇન્ટરવ્યું પ્રક્રિયા બાદ સિલેકશન કમિટીએ રજુ કરેલ ખાનગી કવર ખોલવામાં આવેલ. આવેલ અરજીઓની સ્કૂટીની કરવા રચાયેલ સમિતિના સભ્યો પૈકી એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યો ૯ . તેઓશ્રી દ્વારા પસંદ થયેલ ઉમેદવારોની કુલસચિવ તરીકેની જરૂરી લાયકાત અને અનુભવ અંગે સરકારશ્રી દ્વારા માંગ્યા મુજબની સ્પષ્ટતા રજુ કરી જે અંગે વિસ્તૃત ચર્ચા અને વિચારણાના અંતે સિલેકશન કમિટીએ કરેલ કાર્યવાહી ગ્રાહય રાખી તેમની ભલામણનો સ્વીકાર કરવા અને તે અંગે સરકારશ્રીમાં ભલામણ કરવા સર્વાનુમત્તે ઠરાવવામાં આવ્યું.

### –અઘ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ–

૨. એસ.એસ.આઇ.પી. અંતગર્ત યુનિવર્સિટી દ્વારા આપવાની થતી સહભાગીદારીતાની રકમ બાબત.

**ઠરાવ:– ૨.** કચ્છ યુનિવર્સિટી દ્વારા એસ.એસ.આઇ.પી. અંતગર્ત તા.૧૩/૧૦/૨૦૧૭ ના રોજ રજુ કરેલ દરખાસ્તમાં યુનિવર્સિટી દ્વારા આપવાની થતી સહભાગીદારીતાની રકમ રૂા.૦૩ લાખની ફાળવણી અને ચુકવણીને

**બહાલ રાખવા તથા જો જરૂર જણાય તો સરકારશ્રીની સુચના અન્વયે સદર રકમમાં વધારો કરવાની સત્તા પણ માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમત્તે ઠરાવવામાં આવ્યું.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

નકલ સવિનય રવાનાઃ- માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તાઃ૧૬/૧૦/૨૦૧૭